ગાંધીનગર સમાચાર






## સલામી સવારની..

*ના-લાયક, બેઠેલા, નેતાના પક્ષમાં હોય છે જફા*
*પદ ને સત્તા માટે અંદરો-અંદર હોય છે ડખા,*
*હોય છે નજર નફા પર 'ટિકીટો'નાં વેંચાણમાં -*
*બધી બાબતે 'જલ્સા' ને કમીશનમાં હોય છે બખા...*
*(પદ માટે પડાપડી)*

### હાઈકુ

*છે લાયકાત -*
*પદ 'પૂંછડાં' વિના -*
*શોભે ન પશુ !!*

*મળે ન ખાવા !*
*તો ભરાવે શિંગડાં -*
*પાલતુ પણ...*

## ચિંતન

*હિતમપ્યધનસ્ય વાક્ય ન શ્રૃણોતિક્ચ ।*

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

નિર્ધનની સાચી શિખામણ પણ કોઈ સાંભળતું નથી.

નિર્ધન વ્યક્તિ ભલે ગમે તેટલી સાચી શિખામણ આપે, હિતની વાત કરે તો પણ કોઈ એને કાને ધરતું નથી. ઊલ્ટાનું એને મજાકમાં લઈ તેનો ઉપહાસ કરે છે.

આજકાલ કરોડપતિઓ અને કૌભાંડ કરનારા ધનિકોનું સંસાર વહેવાર રાજકારણ, સમાજમાં ઉંચ્ચું સ્થાન છે. એમનામાં જ્ઞાન-સમજ ન હોય છતાં આરણીય - પૂજનીય સ્થાન પામે છે. જયારે ગરીબ-બૌદ્ધિક-જ્ઞાનીને કોઈ પૂછતું પૂજતું નથી. ઊલટું ઉપહારનું કારણ બને છે.

## સુવિચાર

- કોઈ મેરા બુરા કરેં વો ઉસકા કર્મ હે, મૈં કિસી કા બુરા ન કરું વો મેરા ધર્મ હે - **અલ્તાફ પટેલ**
- લાજ રાખજો હોં પરમેશ્વર, મારું ઘર પણ છે તારું ઘર,
  હું જ નથી રહેવાનો ત્યારે, હોય કહેવાનું શું આખર? - **લવજી પટેલ**
- લાખ ભલે રાખમાં જજો પણ... સાખ કદી રાખ માં ન જજો - **કવિ કાગ**
- સફળતાનો માર્ગ દંભના દલદલમાંથી નહિ,
  વાસ્તવિકતાની જમીન પરથી પસાર થાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- મૂરખાઓ જલ્દી એકમત થાય છે, ડાહ્યાઓ એકમત નથી થતા,
  તાય તો ડાહ્યા શાનાં ? - **મુંબઈ સમાચાર**
- હું ભિખારી થઈને મારો છેલ્લો ડોલર રાજાની જેમ વાપરવો પસંદ કરીશ.... રાજા થઈને મારો છેલ્લો ડોલર ભિખારીની જેમ વાપરવા કરતાં - **ઈંગલ સોલ**
- આજનું ઔષધ : મધમાખીનાં ડંખ ઉપર ડિસ્પીરીન ટેબલેટને પાણીમાં ઓગાળી પેસ્ટ બનાવી લગાવવાથી દર્દમાં રાહત થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

## બોધકથા

માણસ જયારે કોઈ જડ માન્યતામાં કેદ થઈ જાય છે ત્યારે તેને વ્યાજબી ઠેરવવા હજારો કારણો - તરકીબો ઊભાં કરે છે. મુલ્લા નસરુદીન એક સવારે ઉઠ્યો અને પત્નીને કહ્યું, 'હું મરી ચૂક્યો છું. રાતે જ મરી ગયો છું, સપનું આવ્યું હતું.' સપનું એટલું અસરકારક હશે કે મુલ્લાનો ભરોસો થઈ ગયો કે ખુદ મરી ગયો છું. પત્નીએ કહ્યું, 'તમે પાગલ થઈ ગયા છો, એટલે આવી વિચિત્ર વાતો કરી રહ્યા છો. મરનાર કંઈ જાતે ખબર આપી ન શકે કે હું મરી ગયો છું, અને તમે મારી સામે જીવતા જાગતા છો અને વાત પણ કરી રહ્યા છો.' મુલ્લા માનવા જ તૈયાર નહીં. એટલે એમને ડૉકટર પાસે લઈ ગયા. ડૉકટરે ઘણું સમજાવ્યા પણ મુલ્લા ટસના મસ નથી થતા એટલે ડૉકટર હૉસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમમાં મુલ્લાને લઈ યા અને એક છરી આપી ને કહ્યું, 'આ લાશમાં તું છરી ચલાવી લોહી કાઢી બતાવ.' ડૉકટરે મુલ્લાને પૂછ્યું, 'લાશમાંથી લોહી નીકળ્યું' મુલ્લા કહે, 'ના લોહી તો નથી નીકળતું.' ડૉકટરે બીજી ખરી લઈ મુલ્લાની આંગળી ઉપર કાપો મૂક્યો, લોહીની ધાર વહેવા લાગી. એટલે ડૉકટરે કહ્યું, 'મુલ્લા, આ લોહી લાશમાંથી નહોતું નીકળી શકતું પણ તમે જીવતા છો તો તમારા ઘામાંથી લોહી નીકળ્યું, આથી તમે જીવતા છો તે સ્વીકારો.' મુલ્લાએ કહ્યું, 'ડૉકટર સાહેબ, તમે કરેલા પ્રયોગ ઉપરથી એટલું જ સિદ્ધ થાય છે કે આપણી ધારણા ખોટી હતી, મરેલાંઓના શરીરમાંથી પણ લોહી નીકળે જ છે. એ મડદાો દગો ગઈ ગયા. અથવા તો એ મડદાઓ કઈ શંકાસ્પદ હતા, અથવા તો આ કંઈક તમારી હાથ ચાલાકી છે, મારી આંગળીમાંથી લોહી નીકળવાથી એવું પણ સિદ્ધ થાય છે કે મરેલા શરીરમાંથી પણ લોહી તો નીકળે જ છે.'

# બાળકોના ભાવિ માટે ઉદાસીનતા ન પાલવે

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાત સરકારે 'ભાર વિનાના ભણતર'નો અમલ કરાવવા સૂચનાવલી જારી કરવી પડી છે. નાનાં બાળકોની કમ્મર ભાંગી જાય એટલો ભોજ ઉપાડીને એમને શાળાએ જવાની ફરજ પાડવામાં આવે છે. ફૂલ જેવાં બાળકો ટીચરના આદેશ મુજબ ખભે દફતર ટીંગાડી દસ બાર કિલો જેટલું વજન ઊંચકી શાળાએ જતાં આવતાં રહે છે. ઘરે આવી મમ્મીને ફરિયાદ પણ કરે. ચહેરો નંખાઈ ગયો હોય, કમ્મર વાંકી વળી ગઈ હોય, હાથ અને ખભો દુખતા હોય પણ ટીચરે કહ્યું એટલે દફતર તો ખીચોખીચ ભરવું જ પડે. અનેક જાતના ચોપડા, મોટી મોટી નોટબુકો, ચિત્રપોથી, કંપાસ અને જમવા માટે નાસ્તાનો ડબ્બો તથા પાણીની બોટલ. ચીની મુસાફર હ્યુ એન સંગ પીઠ પર પુસ્તકો ભરેલ કોથળો લાદીને ચાલી રહ્યો હોય એવું દૃશ્ય આપણી નજર સમક્ષ ભજવાતું રહે છે અને આપણે એ ચૂપચાપ જોતા રહીએ છીએ. કુમળા બાળમાનસ પર એથી કેવો ત્રાસ પડતો હશે એનો વિચાર સરખો કરવાનો આપણી પાસે કે શાળા સંચાલકો પાસે ટાઈમ જ કયાં છે ? શિક્ષકો પણ બાળકોને ઉંદરદોડમાં સામેલ કરે છે. એમને તો પોતાના વિદ્યાર્થીઓ સ્પર્ધામાં સૌથી મોખરે રહે એમાં જ રસ હોય છે. પઢાવેલા પોપટ કે રોબોટ બનાવતી આ શિક્ષણ પદ્ધતિ બાળકનું મહામૂલું બાળપણ છીનવી લે છે એની તો કોઈને ચિંતા જ નથી. સરકારને વર્ગદીઠ અમુક વજનથી વધારે વજનવાળું દફતર ન હોવું જોઈએ એવો આદેશ કરવાની ફરજ પડી તો શું સૂચવે છે ? આવા આદેશો અને પરિપત્રોનો કેવો અને કેટલો અમલ થશે તે સરકારમાં બેઠેલા મહાનુભાવો પણ સમજતા હોય છે. આ બગડી ગયેલી પરિસ્થિતિ સુધારવા માટે વાલીઓનાં મગજમાં ઘર કરી ગયેલી ગ્રંથિઓનો ઈલાજ કરવો પડશે. એમના તરફથી સામૂહિક પ્રતિકાર થશે તો જ બાળકોના બાળપણની સુરક્ષા જળવાશે. બિહારમાં મુઝફ્ફરપુર શેલ્ટર હોમમાં બનેલી જઘન્ય ઘટના અંગે સુપ્રીમકોર્ટમાં સુનવાઈ થતાં અદાલતો નીતીશકુમારની સરકારનો ઉધડો લીધો છે. બાળકો સાથે અમાનુષી યૌન અત્યાચાર કરાય છે, એમની સાથે ગુદામૈથુન કરાય છે - એ મુદ્દો બહાર આવ્યા પછી પણ રાજય સરકારનું અમાનવીય તથા લાપરવાહી ભર્યું વલણ જોઈ અદાલત અકળામણ અનુભવે તે સ્વાભાવિક છે. સુપ્રીમ કોર્ટે બિહારના મુખ્ય સચિવને મોઢમોઢ સંભળાવી દીધું કે આવો ભયંકર અપરાધ થતો હોય ત્યારે આરોપીની વિરુદ્ધ ઈન્ડિયન પીનલ કોડની કલમ ૩૭૭ અને 'પોકસો' ઍક્ટ હેઠળ કેસ નોંધાવો જોઈએ. એને બદલે બિહાર સરકારે આ મુદ્દે સાવ જ ઉદાસીન અભિગમ દાખવી પોત પ્રકાશ્યું છે. અદાલતે ઉગ્ર સ્વરે પૂછ્યું કે તમે લોકો બાળકોને સમજો છો શું ? શું એ આ દેશના નાગરિક નથી ? આવા અમાનવીય વ્યવહાર છતાં ગુનેગાર પ્રત્યે કૂણું વલણ દાખવતી સરકારમાં ભારતીય જનતા પાર્ટી પણ સામેલ છે, એ નોંધવું જ રહ્યું. મૂળ મુદ્દાઓ પ્રત્યે ધ્યાન નહીં આપી માત્ર વોટની જ રાજનીતિ કરી રહેલા નેતાઓ સામે દેશની સર્વોચ્ચ અદાલત માત્ર આક્રોશ વ્યક્ત કરી શકે છે. એથી આગળ એ કં પણ કરી શકે એમ નથી, એ પણ કેવી વિડંબના છે ! દેશનું ભાવિ બાળકોના હાથમાં સલામત હોવાનું આપણે કહેતા હોઈએ છીએ. એમના વિશે ખરેખર આપણે કેટલા ગંભીર છીએ તે પ્રશ્ન જ છે. બાળકો તો ત્રાસ સહન કરી લેશે પણ સમય આપણને માફ નહીં કરે !

# ભારત વૈતાલની જેમ નવાં વળાંકે...




ભારત દેશ એક ઐતિહાસિક વળાંકે આવીને ઉભો છે. આ વળાંક પર તે જાતે આવીને ઊભો છે કે પછી કોઈ તેને અહીં આવીને મુકી ગયું છે તે સંશોધનનો વિષય છે. ભારત જયારથી સ્વતંત્ર થયું ત્યારથી આપણે તેને ડાબેને જમણે જેમ ઠીક લાગે તેવા વળાંકો આપી ચલાવતા રહ્યા છીએ. આ ફક્ત ભારતની જ વિશેષતા છે કે પછી બીજા પણ એવા દેશ હશે જે આગળ વધતા વધતા ગમે તે વળાંકે આવીને ઊભા રહી જતા હશે. જયાં આપણું ભારત આવીને ઊભું રહે છે ત્યારે આગળ કોઈને કોઈ વળાંક તો આવી જ જતો હોય છે. અને પછી ભારત પોતાના સ્વભાવ અનુસાર ઊભો રહી જાય છે. વ્યક્તિ અને દેશમાં એ જ મૂળભૂત અંતર છે કે વ્યક્તિનો ગમે ત્યાં ઊભાં રહી શકે છે પણ દેશ ઐતિહાસિક વળાંક વિના ઊભો રહેતો નથી. એટલા બધા ઐતિહાસિક વળાંકો આવી ચૂક્યા છે કે તેમાં વાસ્તવિક ઐતિહાસિક વળાંક કોને કહેવાય તે કોઈ ઈતિહાસવિદ્ જ કહી શકે.

કયારેક કયારેક આપણને એવું કહેવામાં આવે છે કે આપણે બહુ વિકાસ કર્યો છે. અને આપણી હવે કોઈ પણ વિકસિત દેશ સાથે ટક્કર લઈ શકીએ તેવી સ્થિતિમાં છી. જો ખરેખર પ્રગતિ થઈ હોય તો ખુશ થવા અને ગૌરવ અનુભવવા જેવી બાબત છે. બાકી ચિંતા સિવાય આપણે બીજું કરી પણ શું શકીએ. હું વિચારું છું કે આગલા બધા વળાંક પક્ત આપણાં જ નસીબમાં લખ્યા છે. જયારે બીજા દેશો પ્રગતિના પંથે અકડીને ચાલતા હોય ત્યારે આપણે મુંડી નમાવીને કોઈ વળાંકે ઉભા રહી વિચારીએ કે હવે આપણું શું કરવું તે ખરેખર દુઃખદ બાબત છે.

અમુક લોકો એ વાતની રાહ જોતા હોય છે કે કયારે ભારત કોઈ એવા વળાંકે આવી ઊભું રહે અને આપણને જાહેર કરવાનો મોકો મળે કે ભારત હવે એવા ઐતિહાસિક વળાંકે આવીને ઊભું છે જેની આપણે તીવ્રતાથી રાહ જોતા હતાં. શું આવા લોકો ખરેખર હિતેચ્છુ છે કે પછી તકની રાહ જોતા હોય છેકે ભારત કયારે ઐતિહાસિક વળાંકે આવી અટકે અને પોતપોતાનો લાભ ખાટવાની કોશિષ કરે. ભારત પ્રગતિને પંથે આગળ વધે કે પાછળ રહે તેનાથી તેમને કોઈ ફરક પડતો નથી. તેઓ સ્વાર્થની દોડમાં કયારેક પાછળ રહેવા માંગતા નથી. આવા લોકોનું જીવન દર્શન ખુબ માસૂમ હોય છે તેમની સાદગી પણ કોણ કુરબાન થવા ન માગે.

હું પેલા ટ્રાફિક પોલીસને રોજ સર્કલ પર ઊભેલો જોઉં છું અને વિચારું છું કે કયાંક ભારત આ જ નહીં હોય ને ! કેમ જે જયારે જુઓ ત્યારે તે રસ્તાને વળાંકે ઊભેલો હોય છે. તે વળાંકે ઊભો ઊભો ફક્ત બીજાંને આવવા - જવાના સંકેતો દેતો રહે છે. અને તે પોતે ત્યાં ને ત્યાં જ ઊભો હોય છે.

આમ જુઓ તો બધા રસ્તે મને ભુલભુલૈયા જેવા લાગે છે, જેની દરેક ગલી બીજી બંધ ગલીમાં ખુલે છે, કેટલાક લોગો બુમો પાડી પાડીને કહે છે અમારું તાવીજ ખરીદો ને તમને વિવિધ સંતાપોમાંથી મુક્તિ અપાવશે. પણ ખબરદાર કોઈને પોતાની જગ્યાએથી હલવાનું નથી. રમત ચાલે છે ત્યાં સુધી વચ્ચેથી ઊભો થનાર અંધ થઈ જાય છે. સૌ કોઈ સુનમુન તમાશો જુએ છે કે હવે આગળ શું થશે.

'જંબુરા ખેલ બતાવીશ ?'

'બતાવીશ' ચાદરની નીચેથી અવાજ આવે છે.

'જંબુરા ખેલ શેના માટે છે?'

'ઉસ્તાદ, પાપી પેટ માટે' ચાદરની નીચેથી બોલે છે.

તો સાહેબો, મહેરબાનો આ પાપી પેટ એવું છે કે ભરાવાનું નામ જ લેતું નથી. સવારે ભરીએ તો સાંજે ખાલી અને સાંજે ભરીએ તો સવારે એનું એ. મદારીનો ખેલ ચાલી રહ્યો છે. તે ચાદર ઊંચી કરે છે. તમે જુઓ છો કે એક બાળકના ગળા નીચે છરી રાખેલી છે. લોહી જેવું કંઈક દેખાય છે. મદારી બોલે છે. 'પાપી પેટનો સવાલ છે. ધીરે ધીરે આખો દેશ તેની ઝોળીમાં આવી જાય છે. પેટ પાપી એ માટે છે કે તે કયારેક ભરાયું નથી. જોનારનાં રુંવાડાં ઊભા થઈ જાય છે.'

ખેલ ખતમ પૈસા હજમ.

પૈસા બહુ ખરાબ ચીજ છે. મેં ગોટાલા એસોસીએશના અધ્યક્ષને પુછ્યું, ભાઈ, આટલા બધા પૈસાનું તમે શું કરો છો ?

જવાબ આવ્યો. અંદરની વાત છે. છતાં તમને કહી દઉં. આ પૈસા અમારા નથી. તે એસોસીએશનના છે. અમે તો ફક્ત ટ્રસ્ટી છીએ. આટલા પૈસા તો અમે હજમ પણ ન કરી શકીએ. અમારું પેટ એવડું મોટું નથી. આ પૈસા તો જનતાના કામ માટે છે.

ભારતીય સંસ્કૃતિમાં ચાર પુરુષાર્થ કહ્યા છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. ચારેની પ્રાપ્તિનો માર્ગ આ પૈસા જ છે. એ કયાંથી આવે છે અને કયાં જાય છે તેની ખબર કોઈને નથી. હમણાં તો માટે એક જરૂરી મિટીંગમાં જવાનું છે. ફરી કયારેક સમય લઈને આવજો તો વાત કરીશું. આટલું કહી તે પવનવગેરે જતા રહ્યા. આધુનિકતાનું બીજું નામ જ ગતિ છે.

ભારત વૈતાલની જેમ ફરી એક નવાં વળાંકે આવીને ઊભું રહી જાય છે.

# પોતાના કુટુંબને અંકુશમાં રાખવાની વૃતિ કુટુંબ માટે ઘાતક નિવડતી હોય છે




**(ગતાંકથી ચાલુ)**

વેદવ્યાસ રચિત મહાકાવ્ય મહાભારતની કથા પ્રમાણે હસ્તિનાપુરના રાજકુમાર દૂર્યોધન પણ કૌરવકુળ ઉપર અંકુશના કેન્દ્રબિંદુ હતા. હસ્તિનાપુર રાજ્યના રાજા ધૃતરાષ્ટ્ર હતા પણ શાસન દુર્યોધન ચલાવતા હતા. ભીષ્મ કૌરવકુળના પિતામહ હતા છતાં કોઈ અકળ કારણોસર તેઓ દુર્યોધનના આદેશો પાસે લાચાર હતા. ધૃતરાષ્ટ્ર દુર્યોધનના પિતા હતા, હસ્તીનપુરના મહારાજા હતા છતાં તેઓ પુત્ર દૂર્યોધનના જ આદેશો અને નિર્ણયોનું પાલન કરતાં હતા. દુર્યોધનની માતા ગાંધારી સુલક્ષણા, દ્રઢ મનોબળ વાળા અને બુધ્ધિશાળી હતા પણ દૂર્યોધનની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાની તેમનામાં હિમ્મત ન હતી અથવા તો તૈયારી ન હતી. હસ્તિનાપુર રાજયને અને કૌરવકૂળને સાચી સલાહ આપી શકે એવા સૌથી બુધ્ધિશાળી, વિદ્વાન અને એક અમાત્ય એવા વિદૂરજી હતા પણ દુર્યોધનને સલાહ આપવામાં તેઓને ઘણી મર્યાદાઓ નડતી હતી. ક્યારેક એ મર્યાદા ઓળંગીને પણ સલાહ આપતા હતા તો દુર્યોધન તેમનું અપમાન કરીને તેમને ચૂપ કરી દેતાં હતા. ગુરુદ્રોણ પાસેથી દુર્યોધને શિક્ષા લીધી હતી પણ તેઓની આજ્ઞાનુ પાલન કરવું એ દુર્યોધનનાના સંસ્કારોમાં ના હતું. મહાભારતના યુધ્ધ સમયે ભલે કૌરવસેનાના સેનાપતિ કોઈપણ વ્યક્તિ રહેતી હોય પણ અંતિમ નિર્ણય તો દુર્યોધનનો જ રહેતો. મહાભારતના યુદ્ધ પહેલા સમાધાનના આખરી પ્રયત્ન માટે શ્રીકૃષ્ણ પોતે પ્રસ્તાવ લઈને હસ્તિનાપુર આવ્યા હતા. ત્યારે પણ વડીલો અને ગુરુની સલાહ ઉથાપીને આખરી નિર્ણય તો દૂર્યોધને જ લીધો હતો. દુર્યોધનના હઠ કે જડ વલણ સામે સૌ કોઈ લાચાર હતા. આમ દુર્યોધાન પણ કૌરવકુળના કંટ્રોલ ફિક હતા.

કુટુંબના દરેક સભ્યો ઉપર પોતાનો અંકુશ રાખનાર વ્યક્તિ માત્ર ઘરની સૌથી વડીલ જ હોય એવું નથી બનતું. ઘરની સૌથી નાની વયની યુવાન વ્યક્તિ પણ હોય શકે અને ઉમરમાં સૌથી માટી વ્યક્તિ પણ હોય શકે. એ ઘરનો પુરુષ પણ હોય શકે અને સ્ત્રી પણ હોય શકે. એ દાદા પણ હોય શકે અને દાદી પણ હોય શકે. પુત્ર પણ હોય શકે અને પૌત્ર પણ હોય શકે. પુત્રી પણ હોય શકે અને પુત્રવધૂ પણ હોય શકે. એ જે કોઈપણ હોય, પણ વ્યક્તિ જ્યારે કુટુંબ ઉપરના અંકુશનું કેન્દ્રબિંદુ બની જાય છે પછી નાના-મોટાનો પ્રશ્ન નથી રહેતો પણ કુટુંબના સૌ કોઈ ઈચ્છા- અનનિચ્છાએ એ અંકુશ ધરાવનારી વ્યક્તિને અનુસરતા હોય છે.

કોઈપણ કુટુંબમાં કોઈ એક જ વ્યક્તિનો જ સંપૂર્ણ અંકુશ હોય છે ત્યારે કુટુંબના અન્ય સભ્યોને પોતાનો અભિપ્રાય આપવાની સ્વતંત્રતા નથી હોતી. અભિપ્રાય આપવાની કદાચ સ્વતંત્રતા હોય તો એ અભિપ્રાયની કોઈ કિંમત નથી હોતી કારણકે આખરી નિર્ણય તો અંકુશ ધરાવતી વ્યક્તિ દ્વારા જ લેવાતો હોય છે. કુટુંબમાં જ્યારે એક જ વ્યક્તિ દ્વારા અંકુશીત નિર્ણયો લેવાતા હોય છે ત્યારે એ નિર્ણયો સંકુચિત બની રહેવાની શક્યતાઓ વધી જાય છે. આમ થવાને કારણે ઘણીવાર કેટલીક બાબતોના નિર્ણયો લેવાતા જ નથી અને બધુ અધ્ધરતાલ લટકી રહે છે. નિર્ણય લેવાય છે તો એ સમયસર લેવાતા નથી અને જે કઈ નિર્ણયો લેવાય છે એ એક જ વ્યક્તિ દ્વારા લેવાતા હોવાથી ખોટા સાબિત થવાની શક્યતાઓ વધી જાય છે.

કુટુંબની બધી જ બાબતો ઉપર એક જ વ્યકિત અંકુશ ધરાવતી હોય, અને તે અંગેના નિર્ણયો પણ એક જ વ્યક્તિ લેતી હોય, કુટુંબના વિવિધ ક્ષેત્રોને લગતા નિર્ણયોની કુટુંબ ઉપર વિપરીત અસરો કરી શકે છે. કુટુંબના બાળકોની શિક્ષણ અને ઈત્તર પ્રવૃતિઓને લગતા નિર્ણયોમાં એવું બને કે બાળકોની રુચિ અલગ હોય, અને અંકુશ ધરાવનાર વ્યક્તિની રુચિ અલગ હોય. આ કિસ્સામાં અંકુશ ધરાવનાર વ્યક્તિ પોતાના નિર્ણયો ઠોકી બેસાડે ત્યારે બાળકોની કારકિર્દી જોખમમાં મૂકાતી હોય છે અને ક્યારે બાળકોની કારકિર્દી રોળાઈ જતી હોય છે. આવું જ કુટુંબના આર્થિક અને સામાજિક વ્યવહારોમાં બનતું હોય છે. આર્થિક નિર્ણયો જો ખોટા ઠરે તો કુટુંબને ક્યારેક આર્થિક પાયમાલી પણ વેઠવી પડતી હોય છે. સામાજિક વ્યવહારોમાં ખોટા અને ઉંધા નિર્ણયોને કારણે કુટુંબની આબરૂના ક્યારેક ધજાગરા ઉડતા હોય છે. એક જ વ્યકિતની જોહુકમીને કારણે એ કુટુંબના ઘણા સામાજિક વ્યવહાર ઈચ્છનીય રીતે થતાં નથી, સામાજિક વ્યવહારો સચવાતા નથી તેને કારણે એ કુટુંબના સભ્યો અને કુટુંબ ધીમે ધીમે સમાજથી અલિપ્ત થતું જાય છે. આમ એક જ વ્યક્તિના અંકુશને કારણે ઘણીવાર કુટુંબની પરિસ્થિતી એવી કપરી બની જતી હોય છે કે સમાજમાં એ કુટુંબના સભ્યો સમાજમાં પોતાનું માથું ઊંચું રાખીને ફરી શકતા નથી. તેના સામાજિક વ્યવહારો બગાડતાં જાય છે અથવા તો તૂટતાં જાય છે જેની અવળી અસર સંબંધો ઉપર થાય છે અને સંબંધો તૂટતાં રહે છે.

એ વ્યકિત ઘરની વડીલ હોવાને નાતે ભલે ઘરના બધા સભ્યો તેને માન આપે પણ એ માન સન્માન માત્ર આપવા ખાતર જ આપતા હોય હોય છે પણ હકીકતમાં તો કુટુંબીજનો તેને નફરત કરતાં હોય છે. એટલે જ કદાચ પેલા માજીનો સ્વર્ગવાસ થયો ત્યારે બધાએ છૂટકારનો શ્વાસ લીધો, એક હાશકારો અનુભવ્યો.

દુર્યોધન જેવી એક જ વ્યક્તિના કૌરવકુળ ઉપરના અંકુશ ને કારણે કૌરવકુળનો સંપૂર્ણ વિનાશ થયો. દુર્યોધનના અંકુશને કારણે મહાભારત જેવું ભયંકર અને વિકરાળ યુધ્ધ થયું જેમાં માત્ર કૌરવકુળ જ નહીં પણ કૌરવો અને પાંડવોને યુધ્ધમાં સાથ આપનારા અન્ય રાજાઓના કુળનો પણ નાશ થયો. માત્ર દુર્યોધનતત્વના હાહાકાર અને અંકુશથી યુગોથી ચાલી આવતી કુરુકુળની પરંપરાઓ નાશ પામી અને સમગ્ર કુળ છિન્નભિન્ન થઈ ગયું

એક જ વ્યકિતની જોહુકમીને કારણે કુટુંબના સભ્યો પણ એ વ્યકિતને નફરત કરવા લાગે છે, એ વ્યક્તિથી દૂર ભાગે છે, એ વ્યક્તિથી અલિપ્ત રહેવાનો પ્રયત્ન કરે છે. ઘણીવાર કુટુંબીજનો એ વ્યક્તિથી છુપાવીને ઘણા કાર્યો કરે છે. આમ કુટુંબના સંસ્કારો અને મૂલ્યોનું હનન થતું રહે છે અંતે એ કુટુંબ છિન્ન ભિન્ન થઈ જાય છે.

કુટુંબ ઉપર અંકુશ ધરાવતી વ્યક્તિને કુટુંબના સભ્યો પ્રત્યે પ્રેમ કે સ્નેહ નથી હોતા એવું નથી. કદાચ એ વ્યક્તિ કુટુંબના વિકાસ માટે વધારે ચિંતિત હોય છે તેથી જ તે વધારે અંકુશ રાખવા ઈચ્છતી હોય છે. એ વ્યક્તિ મોભી એક તરીકે કુટુંબના દરેક સભ્ય માટે એક વડીલની ભૂમિકા ભજવે, એક માર્ગદર્શકની ભૂમિકા ભજવે, કુટુંબના વિકાસ માટે વિચારે અને એ મુજબ પગલાં લે તો એ એક આદર્શ સ્થિતિ ઊભી કરી શકે. તેને બદલે એક વ્યક્તિ જો કુટુંબને માત્ર પોતાના અંકુશમાં રાખવા માટેની જ મનોવૃતિ ધરાવતી હોય તો વ્યક્તિની એ વૃતિ પોતાના માટે તથા પોતાના કુટુંબના દરેક સભ્યો માટે ટૂંકા ગાળે નહીં તો લાંબા ગાળે ઘાતક નિવડતી હોય છે.

કુટુંબના સર્વાંગી વિકાસ માટે કુટુંબના સૌ સભ્યોને સ્વતંત્રતા મળે, સૌના અભિપ્રાયો લઈને કુટુંબના દરેક નિર્ણયો લેવામાં આવે તો કુટુંબમાં એક આદર્શ સ્થિતિનું નિર્માણ થઈ શકે. માત્ર એક જ વ્યકિતની સરમુખત્યારશાહી, જોહુકમી કે અંકુશના કેન્દ્ર બિંદુ થકી કુટુંબનો ક્યારેય વિકાસ થઈ શકે નહીં, હરગીજ નહીં.

# ઈર્ષા




'ઈર્ષાળુને આશીર્વાદ' આવું કહેવાયું છે. તે ભલે ઈર્ષા કરે પણ મારા તો આશીર્વાદ છે. ઈર્ષાની આગ ભયંકર છે. માણસ બળ્યાં જ કરે છે. છતાં ઈર્ષાની ખાયમાંથી બહાર નીકળતો નથી.

શ્રી અરવિંદ કહે છે કે, તમે જયારે ઝઘડો શરૂ કરો છો. ઈર્ષા કરો છો ત્યારે જાણે કે ભગવાનના કાર્ય સામે યુદ્ધ જાહેર કરવા જેવું કરો છો. ઈર્ષા કરનાર માણસને બળતણિયો કહેવાય છે. કેટલાક લોકો પહોંચી ન શકે પછી ઈર્ષા કરે છે અને લોકોને પછાડવાના પેંતરા કરે છે. ઈર્ષાનો સ્વભાવ જ એવો છે જેમ રામાયણમાં સિંહિકા બધાના પડછાયા જોઈ પછાડવાની જ પ્રવૃત્તિ કરે છે!

વર્ગખંડમાં શિક્ષકે બોર્ડ ઉપર લીટી દોરીને વિદ્યાર્થીઓને કહ્યું કે, 'લીટી ભૂંસ્યા વિના તમારી લીટી દોરો વિદ્યાર્થીએ બોર્ડમાં લીટી નીચે બીજી મોટી કરી. અર્થાત્ કોઈની લીટી ભૂંસવી ન પડે, ટૂંકી ન કરવી પડે તેમ વિદ્યાર્થીઓ લીટી દોરી. પણ ઈર્ષાળુ માણસને બીજાની લીટી ટૂંકી કરવામાં જ મજા પડતી હોય છે!'

નરસિંહ મહેતાની ઈર્ષા બહુ થાતી ત્યારે તેઓ વટથી કહેતા.

એવા રે અમો એવા, વળી
તમો કહો છો તેવા,
ભક્તિ કરતા જો ભ્રષ્ટ કહેશો
તો કરશું દામોદરની સેવા.

ઈર્ષાળુ સમાજે કેનેડી કારતુસથી, ગાંધીજીને ગોળીથી, સોક્રેટીસ ઝેરથી, ઈસુને ક્રોસ ઉપર લટકાવીને મારી નાખ્યા. આ ઈર્ષાળુ લોકોને ભગવાન પણ ન પહોંચે આવા ઈર્ષાળથી ભગવાન પર દૂર રહે છે! ઈર્ષાળુ અનેક મનોરોગથી પીડાતો હોય છે. કોઈનું પણ ભલું ઈચ્છતો નથી. જયારે માણસ ઈર્ષા કરે છે ત્યારે પહેલાં તો તેને જ બળવાનું આવે છે !

# ગ્લોબલ વોર્મિંગ હકીકતમાં સર્વનાશની વોર્નિંગ છે




દુનિયા પ્રતિક્ષણ બદલાઈ રહી છે અને પરિવર્તનો પણ વાવાઝોડાની જેમ આવી રહ્યા છે. જે સમગ્ર સજીવ સૃષ્ટિ માટે આંચકો આપી જાય છે. પરિવર્તનોને રોકી શકાતા નથી પરંતુ તેના પરિણામોને સુધારવા સામુહિક પ્રયાસો જો થાય તો અવશ્ય ફેર પડે છે. આપણું ઋતુચક્ર તદ્દન હવે ખોરવાઈ ગયું છે. જેની સાબિતી ગત ચોમાસા એ આપી દીધી છે. ઋતુ પ્રમાણે હવામાન ઊભું થતું નથી અથવા અણધાર્યો ફેરફાર થઈ જાય છે. વર્ષોથી ગુજરાતમાં જૂનના પ્રથમ સપ્તાહમાં વર્ષાનું આગમન સર્વાત્રિક રીતે થઈ જતુ પરંતુ છેલ્લા એક દાયકામાં વરસાદ જુલાઈથી અને ત્રુટક રીતે આવવા લાગ્યો છે. જેટલી ગરમી વધુ પડે તેટલું ચોમાસું વધુ ઉમદા થાય તે અંદાજ પણ હવે ખોટા પડી રહ્યા છે. ચોમાસું બધાના જીવનનો આધાર છે છતાં વરસાદની કાગડોળે ચાતક નયને રાહ જોયા પછી પણ વર્ષાનું આગમન એવું થયું જ નહીં. ગુજરાતના સાગરકાંઠાથી ઉપર વરસાદ ગયો નહીં કચ્છ કોરૂ ધાકોડ રહ્યું અને મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત પાણીના સંકટમાં ધકેલાય ગયા છે. આ વાત માત્ર ગુજરાત પૂરતી જ સીમિત નથી પણ પૂરા વિશ્વમાં જળવાયુ પ્રદૂષણના અતિપ્રમાણના લીધે બધે જ આશ્ચર્યકારક ઘટનાઓ બની રહી છે. વૈશ્વિક હવામાન સતત્ વધતું જાય છે અને પૃથ્વી પણ અવિરત ગરમ થઈ છે. હિમશીલાઓ હવે ઝડપથી ઓગળી રહી છે. અવારનવાર દરિયાઈ વાવાઝોડા આવવા લાગ્યા છે તો જંગલોમાં આગ લાગી રહી છે!! કુવૈતમાં પૂર આવ્યું એટલી વર્ષા થઈ. કેલિફોર્નિયાના જંગલોમાં ગરમીથી જ આગ વ્યાપક થઈ. વિદેશોમાં પણ હવામાન પરિવર્તનોથી પુષ્કળ નુકશાની હવે થઈ રહી છે. વરસાદ નહી પણ વાવાઝોડાથી વર્ષા આવી રહી છે.

પૂરી દુનિયામાં કલાયમેટ ચેન્ડની તીવ્ર અસર ઊભી થઈ છે. પીવાલયક જળ કુલ જળનો માત્ર એક ટકા જેટલો જ છે અને જળ પ્રદૂષણથી જમીનને વ્યાપક ગંભીર અસર થઈ ગઈ છે. વધતા વાયુ પ્રદૂષણથી વાતાવરણમાં ગરમી વધતી રહે છે અને ગંભીર દર્દ ઊભા થાય છે. દિપાવલીના સમયે દિલ્હી શહેર ગેસ ચેમ્બર થઈ જેની ઘાતક અને વિપુલ અસર લોકોના સ્વાસ્થ્ય ઉપર પણ થઈ રહી છે. હરિયાણાના વિસ્તારમાં પરાળને સળગાવી દેવાની પદ્ધતિના લીધે પણ સ્વચ્છ હવા રહી શકતી નથી. જળ વાયુને માનવ સમાજે અને કહેવાતા વિકાસની ભૂખે જ પ્રદૂષિત કર્યા છે તેવું કહેવામાં અતિશયોક્તિ નથી. જળ નિર્મળ જળ - નદીઓને ગંદકી, કેમિકલ્સ વગેરે ઠાલવતા રહીને એટલી હદે દૂષિત કરી નાખી છે કે તેમાં સ્નાન કરતા પણ રોગ થાય ! જળ પીવાનું જમીનમાંથી થોડું અવિરત અને વિપુલ રીતે મળતુ જ રહે ? જમીનને તદ્દન પોલી કરી નાંખી, પેટ્રો પદાર્થ રાતદિવસ ઊલેચતા જ રહીએ પછી પરિણામમાં ભૂકંપ ના આવે તો શું આવે? સર્વ પાપ અને આસક્તિથી છૂટવા ગંગાજળ હતુ જે હવે ચોખ્ખું રહ્યું નથી. ગંગા શુદ્ધિકરણની જાહેરાતે વર્ષોથી થઈ રહી છે પણ પરિણામ અપેક્ષા મુજબ આવ્યા નથી. બધી જ નદીઓ ગંદકીનો ભાર વહન કરનાર એક જળ માધ્યમ બની ગયું છે. જન સમુદાય પણ આ માટે ખુબ જવાબદાર છે. ખેતીનું વધુ ને વધુ ઉત્પાદન લેવા આપણે બધા જ સતત પ્રયાસો કર્યા અને હવે ઘટતી વાસ્તવમાં હતાશ ઉદાસ અને રૂદન કરી રહી છે. જેને જોવાની દૃષ્ટિ આપણે સ્વાર્થના કારણે ગુમાવી બેઠા છીએ. જળ એ જ જીવન હોય તો જીવનની કેટલી કાળજી લઈએ છીએ બસ એટલી ખેવના જળ માટે લીધી છે? કુવાના તળ ઊંડા ગયાં ડેમના નીર અતિ ગંદકીથી લથબથ છે અથવા ડેમોમાં નવા નીર આવ્યા જ નથી. કચ્છ પંથકના માલધારીઓ હવે વતન છોડી સૌરાષ્ટ્ર કે ઉત્તર બાજુ ઢોર સાથે હિજરત કરી રહ્યા છે ! કોણ જવાબદાર અને શા માટે આવું થયું ?

આપણી સરકાર પણ કલાયમેટ ચેન્જ ઉપર અભ્યાસ કરી રહી છે જેના આધારે કૃષિની પેટર્નના બદલાવને પણ વિચારવામાં આવી રહ્યો છે. દરિયાની અંદર જે કોઈ ભૂકંપ આવે છે તેની પ્રત્યક્ષ જાણ આપણને થતી નથી પણ જવાળામુખીઓ ખુબ સક્રિય થઈ રહ્યા છે. ચોમાસું તદ્દન વિકૃત થયું જે આપણે કેરળની તબાહી દ્વારા પણ અનુભવ્યું. કેરળ જે ખોભા જેટલું નાનું રાજય છતાં તેમાં અતિવૃષ્ટિ એ વિનાશ વેર્યો છે. સમુદ્રની ઉપર લોપ્રેશર અવારનવાર ઊભા થઈ જાય છે. ટૂંકમાં કહીએ તો બધા જ દેશોએ આ મુદ્દે ગંભીર થવાની તાતી આવશ્યકતા છે. મોટાઓ એ પ્રદૂષણ વ્યાપક કર્યા બાદ તેઓ જળવાયુ પ્રદૂષણની સંધિમાંથી દૂર જતાં રહ્યાં છે એ વ્યાજપી નથી. ભારતના પ્રત્યેક નાગરિકની ફરજ છે કે પ્રદૂષણ રોકવું પછી ભલે દિવાળીનાં ફટાકડાઓ કેમ ના હોય !! જીવતો નર ભદ્રા પામે તેવી કહેવત સાચી છે. નદીઓમાં શહેરીકરણની ગંદકી કદી ના ઠાલવીએ એ મક્કમ નિર્ધાર કરવો જ પડશે. જળ વિના જમ ઝડપથી આવી જશે. હવે જાગૃત થઈશું ??

**શેર આસ્વાદ :**

**કલ મશગુલ થા સારા શહર**
**પટાખેં જલાને મેં**
**મૈં ચુપકે સે વહાં જાકર**
**નફરતોં કો જલા આયા.**